



# સ્વામી વિવેકાનંદની રામ કૃષ્ણ પરમહંસ સાથેની એક રસપ્રદ પ્રશ્નોત્તરી ( Q & A )

---

મૂળ અંગ્રેજીમાંથી ભાવાનુવાદ ....... વિનોદ પટેલ

*સ્વામી વિવેકાનંદ - મને ફાજલ સમય બિલકુલ મળતો નથી . મારું જીવન ભાગ દોડ વાળું ખુબ જ વ્યસ્ત રહે છે .*

-

રામ કૃષ્ણ પરમહંસ - તારૂ દૈનિક કામકાજ વ્યસ્ત રાખે છે .પરંતુ તારી ક્રિયાઓ બાદ જે ફળ તને મળશે એ તારા કામના કંટાળામાંથી તને મુક્ત કરશે .

*સ્વામી વિવેકાનંદ - ગુરૂજી, આજકાલ મારૂં જીવન ન સમજાય એવું આંટીઘૂંટીવાળું બની ગયું હોય એમ મને કેમ લાગ્યા કરે છે ?*

રામ કૃષ્ણ પરમહંસ - વત્સ, જીવનનું પૃથ્થકરણ કરવાનું છોડી દે. એમ કરવાથી ગુંચવાણો પેદા થતી હોય છે .તું તો માત્ર જીવન જીવવાનું શરુ કરી દે._

*સ્વામી વિવેકાનંદ - તો પછી આપણને સતત એક જાતનું અસુખ-દુખ કેમ વર્તાય છે ?*

રામ કૃષ્ણ પરમહંસ - કેમ કે ચિંતાઓ કરવાની તને ટેવ પડી ગઈ છે .તને જીવનમાં કોઈ સુખ જણાતું નથી એનું કારણ એ જ છે .

_

*સ્વામી વિવેકાનંદ- આ જગતમાં હમ્મેશાં સારા અને ભલા માણસોને જ શા માટે સહન કરવું પડે છે ?*

રામકૃષ્ણ પરમહંસ - હીરાને- મણીને બરાબર ચમકાવવો હોય તો એને બરાબર ઘસવો પડે છે . અગ્નિમાં બરાબર તપાવ્યા વિના સોનું શુદ્ધ બની શકતું નથી .એવી જ રીતે સારા માણસો જીવનની વિપદાઓ -મુશ્કેલીઓમાંથી પસાર થતા હોવા છતાં એમનામાં કોઈ

પણ જાતની કડવાશ પેદા નથી પણ ઉલટું એમનું જીવન બહેતર બન્યું છે એવો અનુભવ કરે છે .

***<u>સ્વામી વિવેકાનંદ- તો ગુરુજી તમે એમ કહેવા માગો છો કે આવો અનુભવ મેળવવો ઉપયોગી હોય છે ?</u>***

રામ કૃષ્ણ પરમહંસ- હા જરૂરી છે ,દરેક દ્રષ્ટીએ જોવા જઈએ તો જીવનનો અનુભવ એ એક કડક શિક્ષક જેવો હોય છે.આ શિક્ષક શિષ્યને કોઈ પાઠ ભણાવે એ પહેલાં એની બરાબર કસોટી કરી લેતો હોય છે.

***<u>સ્વામી વિવેકાનંદ - ગુરુજી, જીવનમાં એટલા બધા કોયડાઓ વચ્ચે ઘેરાયો છું કે મને ખબર જ નથી પડતી કે હું કઈ દિશા તરફ જઈ રહ્યો છું ?</u>***

રામકૃષ્ણ પરમહંસ - વત્સ, એમ તું બહાર જ જોયા કરીશ તો તું કઈ તરફ જાય છે એની ખબર નહિ પડે. તારી ભીતરમાં દ્રષ્ટિ કર. તારી દૈહિક આંખોથી તો તું બાહ્ય દ્રશ્યો જોઈ શકીશ પણ તારું હૃદય- તારી આત્મિક આંખો- જ તને સાચો માર્ગ બતાવશે .

***<u>સ્વામી વિવેકાનંદ - ગુરૂજી મને એ કહો કે સાચી દિશામાં પ્રયાણ કરવું એ વધુ દુખ આપે છે ( ડંખે છે ) કે જીવનમાં નિષ્ફળ થવું એ વધુ દુખ આપે છે ?</u>***

રામ કૃષ્ણ પરમહંસ  - વત્સ, તારી સફળતાનો માપદંડ બીજા લોકો નક્કી કરે  એને આધીન છે પરંતુ એક સંતોષ જ એક એવી ચીજ છે જેનું માપ તો તું પોતે જ નક્કી કરી શકે.

***<u>સ્વામી વિવેકાનંદ – ગુરૂજી, જીવનના કઠીન સમયમાં પણ નવું નવું સત્કર્મ કરવાનો ઉત્સાહ કેવી રીતે ટકાવી રાખવો એ મને કહેશો ?</u>***

રામ કૃષ્ણ પરમહંસ  -  વત્સ , તું આજે ક્યાં સુધી આવી પહોંચ્યો છે એની તરફ હંમેશાં નજર રાખ નહિ કે તારે ક્યાં સુધી જવાનું છે એની તરફ. જીવનમાં તને જે કંઇક સારું પ્રાપ્ત થયું છે એ તને ભગવાન કૃપાએ મળ્યું છે એમ માની એનો પાડ માન અને જે કઈ ખૂટે છે અને મેળવવાની ઇચ્છા છે એની ચિંતા છોડ.

***<u>સ્વામી વિવેકાનંદ- માણસો વિષેની એવી કઈ વાત છે કે જેનું તમને આશ્ચર્ય થતું હોય .</u>***

રામકૃષ્ણ પરમહંસ - માણસોને જ્યારે કોઈ પણ જાતનું દુખ સહન કરવાનું આવે ત્યારે પ્રશ્ન કરે છે "આવું મને જ કેમ ?" પરંતુ જ્યારે તેઓ જીવનમાં પ્રગતી કરીને સમૃદ્ધ બને છે ત્યારે કદી એવો પ્રશ્ન કરતા નથી કે " આવું મને જ કેમ ? "આ જ વાતનું મને મોટું આશ્ચર્ય છે .

*સ્વામી વિવેકાનંદ : હું મારી આ જિંદગીમાં કેવી રીતે મહત્તમ ફળની પ્રાપ્તિ કરી શકું ?*

રામ કૃષ્ણ પરમહંસ - જે પસાર થઇ ગયો એ ભૂતકાળ વિષેની ચિંતા કે શોક છોડી દે . તારી પાસે હાલ જે છે એ વર્તમાન કાળનો મનમાં વિશ્વાસ રાખી સામનો કરી તારું કાર્ય કર્યે જા . જે હજુ આવવાનો છે એ ભવિષ્યકાળ માટે મનમાં કોઈ પણ જાતની ચિંતા રાખ્યા સિવાય તારી જાતને એ માટે તૈયાર કર.

*સ્વામી વિવેકાનંદ : ગુરુજી ,હવે આ મારો એક છેલ્લો પ્રશ્નનો છે . મને કોઈ કોઈ વાર એમ લાગ્યા કરે છે કે મારી પ્રાર્થનાઓનો મને કોઈ જવાબ મળતો નથી ,એવું કેમ હશે ?*

રામકૃષ્ણ પરમહંસ- વત્સ, તું આ વાત જાણી લે કે એવી કોઈ પ્રાર્થના નથી કે જેનો જવાબ ના હોય.મનમાં શ્રધ્ધા -વિશ્વાસ

રાખીને તારા ભયને ખંખેરી નાખ. આ જીવન  અગમ અને અગોચર છે એનો તારે તાગ મેળવવાનો છે.જીવન કઈ એવો મોટો કોયડો નથી કે જેને ઉકેલી ના શકાય .મારા આ કથન ઉપર વિશ્વાસ રાખ કે જો તમને સાચી રીતે જીવતાં આવડતું હોય તો જિંદગી કુદરતની એક અદભુત ભેટ છે .

અંગ્રેજી ઉપરથી ભાવાનુવાદ -  વિનોદ પટેલ

# Those who don't know Guarati....Read this original Text ....

# A rare conversation between Ramkrishna Paramahansa and Swami Vivekanand

-

***Swami Vivekanand:- I can't find free time. Life has become hectic.***

**Ramkrishna Paramahansa:- Activity gets you busy. But productivity gets you free.**

***Swami Vivekanand:- Why has life become complicated now?***

**Ramkrishna Paramahansa:- Stop analyzing life.. It makes it complicated. Just live it.**

***Swami Vivekanand:- Why are we then constantly unhappy?***

**Ramkrishna Paramahansa:- Worrying has become yourhabit. That's why you are not happy.**

***Swami Vivekanand:- Why do good people always suffer?***

**Ramkrishna Paramahansa:- Diamond cannot be polished without friction. Gold cannot be purified without fire. Good people go through trials, but don't suffer. With that experience their life becomes better, not bitter.**

***Swami Vivekanand:- You mean to say such experience is useful?***

**Ramkrishna Paramahansa:- Yes. In every term, Experience is a hard teacher. She gives the test first and the lessons afterwards.**

***Swami Vivekanand:- Because of so many problems, we don't know where we are heading…***

**Ramkrishna Paramahansa:- If you look outside you will not know where you are heading. Look inside. Eyes provide sight. Heart provides the way.**

***Swami Vivekanand:- Does failure hurt more than moving in the right direction?***

**Ramkrishna Paramahansa:- Success is a measure as decided by others. Satisfaction is a measure as decided by you.**

***Swami Vivekanand:- In tough times, how do you stay motivated?***

**Ramkrishna Paramahansa:- Always look at how far you have come rather than how far you have to go. Always countyour blessing, not what you are missing.**

***Swami Vivekanand:- What surprises you about people?***

**Ramkrishna Paramahansa:- When they suffer they ask, "why me?" When they prosper, they never ask "Why me?"**

***Swami Vivekanand:- How can I get the best out of life?***

**Ramkrishna Paramahansa:- Face your past without regret. Handle your present with confidence. Prepare for the future without fear.**

***Swami Vivekanand:- One last question. Sometimes I feel my prayers are not answered.***

**Ramkrishna Paramahansa:- There are no unanswered prayers. Keep the faith and drop the fear. Life is a mystery to solve, not a problem to resolve. Trust me. Life is wonderful if you know how to live.**

==================================

# Take each day as it comes, and live each day to the fullest.